# Telephone conversation between PM and President of Indonesia

April 28, 2020

# વડાપ્રધાન અને ઈન્ડોનેશિયાનાં રાષ્ટ્રપતિ વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 28, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ઈન્ડોનેશિયાનાં રાષ્ટ્રપતિ મહામહિમ જોકો વિડોડો સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

બન્ને નેતાઓએ પ્રાંતમાં અને વિશ્વમાં કોવિડ-19 મહામારીનાં ફેલાવા અંગે વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું.

ઈન્ડોનેશિયાનાં રાષ્ટ્રપતિએ ભારત સરકાર દ્વારા ફાર્માસ્યુટિકલ્સ ઉત્પાદનોનાં પૂરવઠાઓ માટે ઈન્ડોનેશિયાને પ્રદાન કરવામાં આવેલી સુવિધાની પ્રશંસા કરી હતી. વડાપ્રધાને તેઓને ખાતરી આપી હતી કે તબીબી ઉત્પાદનોનાં કે બન્ને દેશો વચ્ચે વ્યાપાર કરવામાં આવી રહેલી અન્ય સાધનસામગ્રીઓનાં પૂરવઠાઓમાં વિક્ષેપ અટકાવવા ભારત તેનાં શ્રેષ્ઠ પ્રયાસો કરશે.

બન્ને નેતાઓએ એકબીજાનાં દેશોમાં હાજર તેઓનાં નાગરિકો સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી હતી, અને સંમત થયા હતા કે આ સંદર્ભમાં તમામ સંભવિત સુવિધાઓ સુનિશ્ચિત કરવા તેઓની ટીમો સંપર્કમાં રહેશે.

વડાપ્રધાને એ તથ્ય પર ભાર મૂક્યો હતો કે ઈન્ડોનેશિયા ભારતનાં વ્યાપક પાડોશીઓમાં મહત્વનું દરિયાઈ સાથીદાર છે, અને દ્વિપક્ષીય સંબંધની તાકાત આ મહામારીની અસરો સામે લડવા માટે બન્ને દેશોને મદદ કરશે.

તેણે મહામહિમ રાષ્ટ્પરતિ વિડોડો અને ઈન્ડોનેશિયાનાં મૈત્રીપૂર્ણ લોકોને પવિત્ર રમઝાન મહિનાની શુભકામનાઓ પણ પાઠવી હતી.

**નવી દિલ્હી**
**એપ્રિલ 28, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.